આજના આધુનિક બલકે અત્યાધુનિક યુગમાં 'મોબાઈલ કમ્પ્યુટીંગ' બહુ ઝડપથી વિકસી રહેલું ક્ષેત્ર છે. છેલ્લા બે-ત્રણ વર્ષોથી મોબાઈલ ઈન્ડસ્ટ્રીઝના ક્ષેત્રમાં મોબાઈલ એપ્સ ડેવલપમેન્ટ (મોબાઈલ એપ્લિકેશન વધારવાની પ્રવૃત્તિ)નું મહત્વ વધી રહ્યું છે. કારણકે વિવિધ કંપનીઓ તેમના મોબાઈલમાં વધુ પ્રમાણમાં અને વધુ સારી એપ્લિકેશન આપીને નામ અને દામ કમાવવા ઉત્સાહી છે. ત્યારબાદ છેલ્લા એકાદ બે વર્ષોથી આ મોબાઈલ એપ્સ સિક્યોરીટી ને લગતા અભ્યાસક્રમો લોકપ્રિય બનવા લાગ્યા છે. અને સ્વાભાવિક રીતે જ મોબાઈલ એપ્સ ડેવલપ કર્યા બાદ તે હેક કે હેંગ ન થઈ જાય, તે માટે મોબાઈલ એપ્સ સિક્યોરીટીની જરૂરિયાત વધે જ. જ્યારે મોબાઈલ એન્જિનિયરીંગ ક્ષેત્રે મોબાઈલ સિક્યોરીટી એક્ષપર્ટનો અભ્યાસક્રમ ધૂમ મચાવશે જેમાં માત્ર મોબાઈલ એપ્સની જ સિક્યોરીટી નથી, પણ સમગ્ર મોબાઈલની બધા જ પ્રકારની સિક્યોરીટીનો તેમાં સમાવેશ કરાયો છે.

આ પ્રકારનો અભ્યાસક્રમ ક્યાં અને ક્યારે શીખવો, તેવો પ્રશ્ન થાય, તે સ્વાભાવિક છે. IEEE (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રીકલ્સ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનીયરીંગ) એ મહાન વૈજ્ઞાનિકો થોમસ આલ્વા એડીસન અને ગ્રેઈમ બેલ દ્વારા સ્થપાયેલું ૧૩૦ વર્ષો જૂનું વિશ્વનું સૌથી મોટા નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશનો પૈકીનું એક છે. આ IEEE વખતોવખત પોતાની વિખ્યાત ફેકલ્ટીઝ દ્વારા નજીવી 'ફી' સાથેના પોતાના સર્ટિફીકેટ અભ્યાસક્રમો સામાજિક કલ્યાણના હેતુસર કરતું જ રહે છે.

મોબાઈલ સિક્યોરીટી એક્ષપર્ટનો અભ્યાસક્રમ ટૂંકાગાળાનો છે. પરિણામે તેની ફી પણ પ્રમાણમાં નજીવી છે. આ અભ્યાસક્રમ દ્વારા 'મોબાઈલ' કે 'સિક્યોરીટી' ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છુકો માટે અગત્યનો પુરવાર થાય છે. આ અભ્યાસક્રમ કર્યા બાદ, તેઓને આ ક્ષેત્રમાં આગળ વધવાની તક પ્રાપ્ત થાય છે. આ માટે જરૂરી સંપર્કો પણ આ કક્ષાએ પ્રાપ્ત થઈ શકે છે. અને હા જો વિદ્યાર્થીને આ અભ્યાસક્રમ કર્યા બાદ 'મોબાઈલ' કે 'સિક્યોરીટી'ના ક્ષેત્રમાં રસ ન પડે, તો વધારાના સમય, શક્તિ અને 'ફી' નો દુવ્યય થતો અટકે છે. વળી આ અભ્યાસક્રમ ટૂંકા સમયગાળાનો, ઓછી 'ફી' ધરાવતો હોવાથી નુકશાન પ્રમાણમાં ઓછું થાય છે.

વળી, 'મોબાઈલ' કે 'સિક્યોરીટી' ક્ષેત્રમાં કાર્ય કરનારાઓને પણ આ અભ્યાસક્રમ કરવાથી પોતાની ક્ષેત્રની અદ્યતન માહિતી પ્રાપ્ત થઈ શકે છે. આ અભ્યાસક્રમ જેઓને 'મોબાઈલ' કે 'સિક્યોરીટી' પૈકી કોઈપણ એક ક્ષેત્રમાં રસ હોય, તો પણ ઉપયોગી બને છે. તો 'મોબાઈલ સિક્યોરીટી એક્ષપર્ટ' ના અભ્યાસક્રમની ઊંડાણપૂર્વક ચર્ચા કરીએ, તો...

**અભ્યાસક્રમનું નામ : સર્ટિફીકેટ ઈન મોબાઈલ સિક્યોરીટી**

**અભ્યાસક્રમનો પ્રકાર** : ટૂંકાગાળાનો સર્ટિફીકેટ અભ્યાસક્રમ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા** : ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રીકલ્સ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ એન્જિનીયરીંગ (IEEE)

**અભ્યાસક્રમની મુદત** : ૧ માસ

**અભ્યાસક્રમની ફી** : રૂ. ૭૫૦૦/-

**પ્રવેશ માટે લઘુતમ લાયકાત** : ધો.૧૨ (HSC) પાસ કોઈપણ સ્ટ્રીમમાંથી

**પ્રવેશપાત્રતા (વિદ્યાર્થીઓ માટે)** : BCA / BE / B.Tech. /PGDCA / MBA (IT) / B.Sc. (IT) કરી રહેલા વિદ્યાર્થીઓ અથવા મોબાઈલ કમ્પ્યુટિંગમાં રસ ધરાવનારાઓ માટે (સિક્યોરીટીનું જ્ઞાન હોવું જરૂરી નથી)

**પ્રવેશપાત્રતા** : (પ્રોફેશનલ્સ માટે) IT પ્રોફેશનલ્સ તેમજ મોબાઈલ એપ્સ ડેવલપર્સ

**શિક્ષણ પદ્ધતિ** : થીયરી તેમજ પ્રેક્ટીકલ્સ

**પરીક્ષા પદ્ધતિ** : ઓપનબુક મેથડ

**પાસીંગ ધોરણ** : લઘુત્તમ ૪૦ ટકા. ૧૦૦ માર્કસની MCQ પેટર્નની પરીક્ષા

**પ્રાપ્ય સગવડો** : સ્ટડી મટીરીયલ્સ અને ઓપન સોર્સ ટૂલ્સ

**અભ્યાસક્રમના વિષય વસ્તુ** : સમગ્ર અભ્યાસક્રમ બે વિભાગોમાં વહેંચાયેલો છે. (૧) એન્ડ્રોઈડ મોબાઈલ (સ્માર્ટ ફોન) (૨) IOS ઓવરવ્યૂ

(૧) એન્ડ્રોઈડ મોબાઈલ (સ્માર્ટ ફોન)માં નીચે મુજબના પાંચ પેટા વિષયવસ્તુ રહેલા છે.

**(૧) એન્ડ્રોઈડ ઓવરવ્યૂ** : જેમાં એન્ડ્રોઈડ ઓપરેટીંગ સીસ્ટમ, એન્ડ્રોઈડ ફ્રેમવર્ક, એન્ડ્રોઈડ ફાઈલ સીસ્ટમ, વર્ચ્યુઅલ (કાલ્પનીક) મશીન, એપ્લિકેશન સેન્ડ બોકસીંગ, એન્ડ્રોઈડ SDK, પરમીશન મોડલ, એન્ડ્રોઈડ એપ્લિકેશનની સમજ, ADB અને પાવર ઓફ ADB કમાન્ડ એપ્લીકેશન્સ શોધવી વગેરેનો સમાવેશ થાય છે.

**(૨) એન્ડ્રોઈડ પાસ્ટ એક્સપ્લોઈટેશન** : જેમાં એન્ડ્રોઈડ માલવેર, હેક ડેટા ઈન એન્ડ્રોઈડ, એક્સપ્લોઈડ USB કનેક્શન ઈન એન્ડ્રોઈડ, કેપ્ચર ડેટા ફ્રોમ નેટવર્ક, મેલીશીયસ SMS એટેક, યુઝર ઈન્ફોર્મેશન / પાસવર્ડ ગ્રેઈડ (ચોરી) વગેરેનો સમાવેશ થાય છે.

**(૩) સેટીંગ અપ એન્ડ્રોઈડ ડેવલપમેન્ટ એન્વાયરમેન્ટ** : જેમાં સેટ-અપ એન્ડ્રોઈડ OS, સેટ-અપ એન્ડ્રોઈડ ટૂલ્સ ફોર એટેક એન્ડ પ્રોટેકશન વગેરેનો સમાવેશ થાય છે.

**(૪) એટેક એન્ડ્રોઈડ** : જેમાં નેટવર્ક એનાલિસીસ જેમ કે સ્નીફ ટ્રાફિક, SSL સ્નીફીંગ, DNS એટેક ઉપરાંત એપ્લિકેશન એનાલિસીસ જેમ કે અન-સીક્યોર સ્ટોર્જ, અન ક્રિપ્ટેડ ડેટા બેઈઝ, પ્રાયવસી, એપ્લિકેશન પરમીશન, રિવર્સ એન્જિનીયરીંગ, જેમકે સોર્સ કોડ ઓફ એપ્લિકેશન અને સોર્સ કોડ સીગ્નેચર બાયપાસ, એન્ડ્રોઈડ OS એટેક જેમ કે બાયપાસ સ્ક્રીન લોક, ફેચ એપ્લિકેશન ડેટા, એટેક ઓવર ઈન્ટરનેટ, એન્ડ્રોઈડ સ્પુફીંગ, એન્ડ્રોઈડ એન્ડ મની વગેરેનો સમાવેશ થાય છે.

**(૫) સીક્યોર એન્ડ્રોઈડ** : જેમાં એન્ડ્રોઈડ અને BYOD (બ્રીંગ યોર ઓન ડિવાઈસ) સીક્યુરીંગ એન્ડ્રોઈડ બાયનેરી, ચેકલિસ્ટ ફોર એન્ડ્રોઈડ એસેસમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે.

**IOS ઓવરવ્યૂ** : IOS ઓવરવ્યૂમાં નીચે મુજબના સાત પેટા વિષય વસ્તુ રહેલા છે.

**(૧) IOS બેઝીક્સ** : જેમાં IOS ફ્રેમવર્ક, IOS ફાઈલ સીસ્ટમ, IOS એપ્લિકેશન સેન્ડ બોકસીંગ, પરમીશન મોડેલ ઓફ IOS એપ્લિકેશન, નો યોર IOS એપ્લિકેશન, એપ્લિકેશન શોધવી વગેરેનો સમાવેશ થાય છે.

**(૨) IOS પાસ્ટ એક્સપ્લોઈટેશન** : જેમાં IOS માલવેર અને ટ્રોજન, યુઝર ઈન્ફોર્મેશન સ્ટીલીંગ, કેપ્ચર ડેટા, અનઓથોરાઈઝડ ડાયલીંગ એટેક, મેલેશીયસ SMS એટેક વગેરેનો સમાવેશ થાય છે.

**(૩) જેલ બ્રેકીંગ** : જેમાં જેલ બ્રેકીંગનો ખ્યાલ, જેલ બ્રેકીંગના ફાયદા-મર્યાદા વગેરેનો સમાવેશ થાય છે.

**(૪) એક્સેસ ડીવાઈસ** : જેમાં એક્સેસ વીથ જેલ બ્રેકીંગ, અક્સેસ વીથાઉટ જેલ બ્રેકીંગ, રિમોટ અક્સેસ વગેરેનો સમાવેશ થાય છે.

**(૫) સેટીંગ અપ IOS એટેક એન્વાયરમેન્ટ** : જેમાં ઈન્સ્ટોલીંગ એપ્લિકેશન ઓફ લાઈન, સેટ અપ IOS એન્ડ ટૂલ્સ ફોર એટેક / પ્રોટેકશન વગેરેનો સમાવેશ થાય છે.

**(૬) એટેક IOS** : જેમાં નેટવર્ક એનાલિસીસ, એપ્લિકેશન એનાલિસીસ, IOS એટેક જેમ કે મોનીટરીંગ એટેક ઓવર ઈન્ટરનેટ, કિ-ચેઈન ડમ્પર, સીસ્ટમ એમેન્ડમેન્ટ, IOS સર્વર સાઈડ એટેક વગેરેનો સમાવેશ થાય છે.

**(૭) સાયબર લો ફોર મોબાઈલ કમ્પ્યૂટીંગ** : જેમાં સાબર લોના પ્રારંભિક ખ્યાલનો સમાવેશ થાય છે.

**અભ્યાસક્રમનું મહત્વ** : વિશ્વવિખ્યાત I.T. રિસર્ચ સંસ્થા - ગાર્ટનરના મતે વર્ષ ૨૦૧૫ના અંત સુધીમાં વિશ્વની મોટી કંપનીઓ પૈકી ૯૦ ટકા કંપનીઓ મોબાઈલ કમ્પ્યુટિંગ અપનાવી ચૂકી હશે. આ સંદર્ભમાં મોબાઈલ સિક્યોરીટીના ક્ષેત્રમાં રોજગારીની વિપુલ તકો જોવા મળશે તેઓ અંદાજ છે.

નેશનલ સાયબર સિક્યોરીટી પોલીસી (૨૦૧૩) મુજબ આ ક્ષેત્રમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫,૦૦,૦૦૦ નિષ્ણાંતોની જરૂર પડશે. મોબાઈલ સિક્યોરીટી એક્ષપર્ટનું ક્ષેત્ર નવું જ હોઈ હાલમાં આ ક્ષેત્રમાં રોજગારી માટે તીવ્ર હરિફાઈનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ નથી. મોબાઈલ સિક્યોરીટી એક્ષપર્ટમાં સફળતા મળે તેની આશા એટલા માટે પણ છે, કારણકે રોજગારીના વિવિધ ક્ષેત્રો અત્યારે ભયાનક મંદીનો સામનો કરી રહ્યા છે, જ્યારે મોબાઈલનું ક્ષેત્ર હાલમાં ફૂલગુલાબી તેજીની પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. આ પ્રકારનો અભ્યાસક્રમ ટૂંકાગાળા માટે, ઓછી ફી અને નિષ્ણાંત તજજ્ઞો દ્વારા ચલાવાતો હોવાથી, તેનો અન્ય કોઈ વિકલ્પ નથી.

**અભ્યાસક્રમ વિશેની વધુ માહિતી માટે સંપર્ક :**

**વેબસાઈટ** : http://ieeegujaratsection.org

**ઈમેઈલ** : cyberlawcourse.ahmedabad@gmail.com

**હેલ્પલાઈન** : 9510122995

**રોજગાર T20** : મોબાઈલ કમ્પ્યૂટીંગ એક ક્રાંતિકારી રીતે વિકસતું ક્ષેત્ર છે, કારણકે તેમાં પહેરી શકાય, તેવી ટેકનોલોજીનો પણ સમાવેશ થાય છે. જેમ કે સ્માર્ટ ગ્લાસ (વાઈ-ફાઈની ફેસીલીટી ધરાવતા ગુગલ કંપની દ્વારા $ 400 માં બહાર પાડેલા ચશ્મા) સ્માર્ટ વોચ (હૃદયના ધબકારા, લોહીના દબાણ દર્શાવતી ઘડિયાળ), સ્માર્ટ રીંગ (નવો જ કોન્સેપ્ટ કે જેમાં જ્વેલરી ઈલેક્ટ્રીક ગેજેટ બની જાય છે) વગેરે સફળતાપૂર્વક લોંચ થઈ ચૂકી છે !!

**(૧) રાજયમાં ગર્વનરના પદ અંગેની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં છે ?**
(૧) ૧૫૩ (૨) ૨૧૩
(૩) ૨૬૭ (૪) ૧૮૭

**(૨) રાજયપાલ અંગેની વય મર્યાદા કેટલી નક્કી કરવામાં આવી છે ?**
(૧) ૩૦ (૨) ૨૫
(૩) ૩૫ (૪) ૨૧

**(૩) રાજ્ય સેવા આયોગના અધ્યક્ષની નિમણૂંક કોણ કરે છે ?**
(૧) રાષ્ટ્રપતિ (૨) મુખ્યમંત્રી
(૩) વડાપ્રધાન (૪) રાજયપાલ

**(૪) રાજયપાલ વિધાનસભામાં કેટલા એગ્લો ઈન્ડિયનની નિમણૂંક કરે છે ?**
(૧) ૧૨ (૨) ૧
(૩) ૨ (૪) ૮

**(૫) કયા અનુચ્છેદ અંતર્ગત રાજયપાલ રાજય વિધાન મંડળનું અભિન્ન અંગ છે ?**
(૧) ૧૬૮ (૨) ૧૮૯
(૩) ૧૬૭ (૪) ૧૬૦

**(૬) કયા અનુચ્છેદ અંતર્ગત રાજયપાલને વટહુકમ બહાર પાડવાની સત્તા મળેલી છે ?**
(૧) ૧૨૩ (૨) ૨૧૪
(૩) ૨૧૩ (૪) ૨૫૭

**(૭) પોરાનાશક કામગીરી અઠવાડિયામાં કેટલા દિવસ કરવાની હોય છે ?**
(૧) ૨ (૨) ૧
(૩) ૫ (૪) ૯

**(૮) લોહીનો નમૂનો લીધા પછી તપાસ અર્થે લેબોરેટરીમાં કેટલા સમયમાં મોકલવાનો રહે છે ?**
(૧) ૨૪ (૨) ૧૨
(૩) ૩૬ (૪) ૪૮

**(૯) સૂર્ય મંડળનો કયો ગ્રહ લાલ રંગ ધરાવે છે ?**
(૧) બુધ (૨) ગુરુ
(૩) મંગળ (૪) શુક્ર

**(૧૦) હાથીપગાના રોગની સારવાર માટે કઈ દવા વાપરવામાં આવે છે ?**
(૧) DEC (૨) ECG
(૩) DDT (૪) ESP

**(૧૧) ભારતમાં સૌ પ્રથમ પરમાણુ પરિક્ષણ ક્યારે કરવામાં આવ્યું હતું ?**
(૧) ૧૯૯૮ (૨) ૧૯૭૪
(૩) ૧૯૯૯ (૪) ૧૯૭૨

**(૧૨) એક કેલરી એટલે કેટલા જૂલ... ?**
(૧) ૪.૨૮૬ (૨) ૩.૧૮૬
(૩) ૪.૧૮૬ (૪) ૨.૨૧૯

**(૧૩) વાતાવરણમાં સૌથી હલકો વાયુ કયો છે ?**
(૧) નાઈટ્રોજન (૨) કાર્બનડાયોક્સાઈ
(૩) હિલિયમ (૪) હાઈડ્રોજન

**(૧૪) ગુજરાતમાં એકમાત્ર બેક વોટર ધરાવતુ બંદર કયું ?**
(૧) પોરબંદર (૨) ભાવનગર
(૩) વેરાવળ (૪) જૂનાગઢ

**(૧૫) ઘેડનો મેળો ક્યાં ભરાય છે ?**
(૧) રાણાવાવ (૨) માધોપુર
(૩) મીઠાપુર (૪) કુતિયાણા

**(૧૬) માવધરાયનો મેળો ક્યાં ભરાય છે ?**
(૧) મિયાણી (૨) મોછા
(૩) કુતિયાણા (૪) ડાકોર

**(૧૭) સોલંકી વંશ પછી ગુજરાતના ઈતિહાસમાં કયો વંશ શરૂ થયો ?**
(૧) વાઘેલા વંશ (૨) મૈત્રક વંશ
(૩) મોગલ (૪) મુસ્લીમ

**(૧૮) સિધ્ધરાજ જયસિંહ પછી ગુજરાતની ગાદી કયા રાજાના હાથમાં આવી ?**
(૧) ભુવડ (૨) યોગરાજ
(૩) ક્ષેમરાજ (૪) કુમારપાળ

**(૧૯) કયા વર્ષથી નર્મદ સુવર્ણચંદ્રક અપાય છે ?**
(૧) ૧૯૨૨ (૨) ૧૯૪૦
(૩) ૧૯૪૧ (૪) ૧૯૨૯

**(૨૦) કઈ સાલમાં સોલંકી સત્તાનો અંત આવ્યો ?**
(૧) ૧૨૪૦ (૨) ૧૨૩૦
(૩) ૧૨૪૪ (૪) ૭૪૪

**(૨૧) પાટણમાં સોલંકી યુગની સ્થાપના ક્યારે થઈ ?**
(૧) ૭૫૦ (૨) ૯૪૨
(૩) ૯૪૪ (૪) ૯૭૨

**(૨૨) ગુજરાતમાં ચાલુક્ય વંશની રાજધાની કઈ હતી ?**
(૧) નવસારી (૨) બીરપુર
(૩) ભાવનગર (૪) ઘૂમલી

**(૨૩) કઈ કલમમાં ભારતના સાંસ્કૃતિક વારસાના જતન માટે નાગરિકની મૂળભૂત ફરજો દર્શાવી છે ?**
(૧) ૫૧ (૨) ૨૧
(૩) ૨૧ (ક) (૪) ૫૧(ક)

**(૨૪) જડતરના અલંકારો રાજસ્થાનના કયા વિસ્તાર સાથે સંકળાયેલા છે ?**
(૧) જેસલમેર (૨) જાલોર
(૩) બિકાનેર (૪) જયપુર

**(૨૫) હડપ્પીય સંસ્કૃતિનું કાલીબંગન સ્થળ કયા રાજયમાં આવેલ છે ?**
(૧) કર્ણાટક (૨) રાજસ્થાન
(૩) પંજાબ (૪) મધ્યપ્રદેશ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

મનીષ શાહ

**(૨૬) ચોરવાડ અને વેરાવળની ખારવણ બહેનો દ્વારા કયું નૃત્ય કરવામાં આવે છે ?**
(૧) હમચી નૃત્ય (૨) મેર નૃત્ય
(૩) મેરાયોં (૪) ટિપ્પણી નૃત્ય

**(૨૭) નળકાંઠાના આદિવાસીઓનું કયું લોકનૃત્ય ખૂબ જ પ્રખ્યાત છે ?**
(૧) માંડવી નૃત્ય (૨) પઢોરા નૃત્ય
(૩) હીંચ નૃત્ય (૪) ધમાલ નૃત્ય

**(૨૮) બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ઠાકોરોનું લોકનૃત્ય ખૂબ જ પ્રખ્યાત છે ?**
(૧) મેર નૃત્ય (૨) મેરાયો
(૩) કોળી નૃત્ય (૪) ડાંગી નૃત્ય

**(૨૯) રૂમાલ નૃત્ય કયા જિલ્લાના આદિવાસીઓનું ખૂબ જ પ્રચલિત નૃત્ય છે ?**
(૧) મહેસાણા (૨) ડાંગ
(૩) અમદાવાદ (૪) કચ્છ

**(૩૦) કયા લોકનૃત્યમાં એકાએક લડવૈયા સામસામે એકબીજાને ભેટી પડે છે અને વખતે 'હુડીલા' ગવાય છે ?**
(૧) મેરાયો (૨) મેરનૃત્ય
(૩) ભીલનૃત્ય (૪) રાસડા

**(૩૧) અસાઈત ઠાકરે લખેલા ભવાઈ વેશોમાં સૌથી જૂનામાં જૂનો કયો વેશ મનાય છે ?**
(૧) ઝંડા ઝૂલણ (૨) કજોડાનો વેશ
(૩) જસમા - ઓડણ (૪) રામદેવનો વેશ

**(૩૨) શામળાજીનો મેળો કઈ નદીના કિનારે ભરાય છે ?**
(૧) સાબરમતી (૨) સરસ્વતી
(૩) માઝમ (૪) મેશ્વો

**(૩૩) તરણેતરનો મેળો ક્યારે ભરાય છે ?**
(૧) ભાદરવા સુદ ચોથથી ભાદરવા વદ છઠ
(૨) ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ આઠમ
(૩) ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ છઠ
(૪) ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ છઠ

**(૩૪) ભવનાથનો મેળો કઈ નદીના કિનારે ભરાય છે ?**
(૧) ભાદર (૨) સુવર્ણરેખા
(૩) ગોમતી (૪) મચ્છુ

**(૩૫) વૌઠા ખાતે મળતી સાત નદીઓ પૈકી નીચેનામાંથી કઈ એક નદીનો સમાવેશ નથી થતો ?**
(૧) સાબરમતી (૨) હાથમતી
(૩) શેઢી (૪) રૂકમાવતી

**(૩૬) વૌઠાનો મેળો ક્યારે ભરાય છે ?**
(૧) કાર્તિકી અગિયારસથી કાર્તિકી બારસ
(૨) કાર્તિકી અગિયારસથી કાર્તિકી પૂર્ણિમા
(૩) કાર્તિકી અગિયારસથી કાર્તિકી તેરસ
(૪) કાર્તિકી અગિયારસથી કાર્તિકી ચૌદસ

**(૩૭) કઈ તુલા નિરપેક્ષ કે વાસ્તવિક શૂન્યબિંદુ પર આધારિત છે ?**
(૧) મધ્યાંતરલક્ષી (૨) નામલક્ષી
(૩) ગુણોતરલક્ષી (૪) ક્રમલક્ષી

**(૩૮) કયા મનોવૈજ્ઞાનિકે ૮ પ્રકારની બુધ્ધિઓ સૂચવી છે ?**
(૧) માર્કનર (૨) વિલ્હેર વુન્ટ
(૩) ફ્રોઈડ (૪) સ્ટર્નબગ

**(૩૯) પહેલી બુધ્ધિકસોટી કઈ ભાષામાં રચાઈ હતી ?**
(૧) સ્પેનીશ (૨) જાપાની
(૩) ચાઈનીઝ (૪) ફ્રેંચ

**(૪૦) 'સ્વ' વિશે બે રીતે વાત કરી શકાય : એક કર્તા તરીકે અને બીજી ?**
(૧) કર્મ (૨) વિષય વસ્તુ
(૩) સ્વકાર્ય (૪) એકપણ નહી

**(૪૧) યુગે પ્રવૃતિની દિશાના આધારે વ્યકિતત્વના કેટલા પ્રકારો આપ્યા છે ?**
(૧) ત્રણ (૨) પાંચ
(૩) ચાર (૪) બે

**(૪૨) વ્યકિતત્વના કયા અભિગમમાં ફ્રોઈડનો ફાળો સૌથી મોટો છે ?**
(૧) મનોગત્યાત્મક (૨) મનોમાપન
(૩) મનોવલણ (૪) મનોધ્યાન

**(૪૩) ફ્રોઈડ મુજબ સભાનતાની કેટલી કક્ષાઓ છે ?**
(૧) ચાર (૨) પાંચ
(૩) ત્રણ (૪) સાત

**(૪૪) છોકરામાં પિતા પ્રત્યે દ્વેષ અને માતા માટે આકર્ષણ તેની કઈ ગ્રંથીને કારણે ઉદ્ભવે છે ?**
(૧) ઈલેકટ્રા (૨) ઈડિપસ
(૩) રજસ (૪) ડિકિલસ

**(૪૫) છોકરીમાં માતા પ્રત્યે દ્વેષ અને પિતા પ્રત્યે આકર્ષણ તેની કઈ ગ્રંથીને કારણે ઉદભવે છે ?**
(૧) ઈલેકટ્રા (૨) ઈડિપસ
(૩) રજસ (૪) ડિકિલસ

**(૪૬) કોણે વ્યકિતગત અચેતન ઉપરભાર મૂકયો છે ?**
(૧) ફ્રોઈડ (૨) રેમન્ડ કેટલે
(૩) હિગિન્સ (૪) યુંગે

**(૪૭) પૂર્વગ્રહ વગર કરવામાં આવેલ સંદેશા વ્યવહાર રક્ષિત છે.**
(૧) પુરાવા અધિનિયમની કલમ - ૨૨ હેઠળ
(૨) પુરાવા અધિનિયમની કલમ - ૨૩ હેઠળ
(૩) પુરાવા અધિનિયમની કલમ - ૨૪ હેઠળ
(૪) પુરાવા અધિનિયમની કલમ - ૨૧ હેઠળ

**(૪૮) વેપારમાં કરવામાં આવેલ જાહેરાતો સ્વીકારપાત્ર છે -**
(૧) પુરાવા અધિનિયમની કલમ - ૩૨ (૧) હેઠળ
(૨) પુરાવા અધિનિયમની કલમ - ૩૨ (૪) હેઠળ
(૩) પુરાવા અધિનિયમની કલમ - ૩૨ (૨) હેઠળ
(૪) પુરાવા અધિનિયમની કલમ - ૩૨ (૭) હેઠળ

## જવાબ

**(૧) ૧ (૨) ૩ (૩) ૪ (૪) ૨ (૫) ૧ (૬) ૩ (૭) ૨ (૮) ૪ (૯) ૩ (૧૦) ૧ (૧૧) ૨ (૧૨) ૩ (૧૩) ૪ (૧૪) ૧ (૧૫) ૨ (૧૬) ૩ (૧૭) ૧ (૧૮) ૪ (૧૯) ૨ (૨૦) ૩ (૨૧) ૨ (૨૨) ૧ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૨ (૨૬) ૪ (૨૭) ૨ (૨૮) ૨ (૨૯) ૧ (૩૦) ૧ (૩૧) ૪ (૩૨) ૪ (૩૩) ૩ (૩૪) ૨ (૩૫) ૪ (૩૬) ૨ (૩૭) ૩ (૩૮) ૧ (૩૯) ૪ (૪૦) ૨ (૪૧) ૪ (૪૨) ૧ (૪૩) ૩ (૪૪) ૨ (૪૫) ૧ (૪૬) ૪ (૪૭) ૨ (૪૮) ૩**

*(અનુસંધાન પાન નં. ૮ નું ચાલુ.....)*

ઈન્ટરવ્યૂ કસોટી પહેલાં કે તે સમયે ફેરફાર જણાશે તો ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરાશે.

નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની ખરી નકલો લેખિત પરીક્ષાના પરિણામ વખતે તૈયાર રાખવી. લેખિત પરીક્ષાનું પરિણામ **ડિસેમ્બર-૨૦૧૫**માં આવે તેવી સંભાવના છે.

(૧) ઉંમરનું પ્રમાણપત્ર (૨) શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર. (૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અ.પ.વ. અંગેનું જાતિના પુરાવારૂપ પ્રમાણપત્ર (૪) વયમર્યાદામાં છૂટછાટ/ફીમાં રાહત અંગેના દાવાના પુરાવાના સમર્થનમાં પ્રમાણપત્ર.

લેખિત પરીક્ષામાં સફળ થનાર ઉમેદવારોને યુ.પી.એસ.સી. દ્વારા ફોર્મ મોકલવામાં આવશે. જેમાં તેમણે વધારાની વિગતો ભરીને મોકલવાની રહેશે. ઉપરોક્ત પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો ઉમેદવારોએ પરિણામ પછીની વધારાની વિગતવાળા ફોર્મ સાથે મોકલવાની રહેશે. મૂળ પ્રમાણપત્રો ઈન્ટરવ્યૂ સમયે રજૂ કરવાનાં રહેશે. એન્જિનિયરિંગ એક્ઝામ-૨૦૧૪ના ગેઝેટના નિયમ-૧૧ પ્રમાણે અને તા. ૧૪-૩-૨૦૧૫ના ઈન્ડિયન ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલા શિસ્ત અંગેના નિયમો અનુસાર ઉમેદવારનો કોઈ દાવો કમિશનને ખોટો જણાશે તો પગલાં લેવામાં આવશે.

♦ કમિશન સાથેના બધા પત્રવ્યવહારમાં નીચેની વિગતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧) પરીક્ષાનું નામ અને વર્ષ (૨) અરજીપત્રક નંબર (૮ આંકડા સુધી) (૩) રોલ નંબર (જો પ્રાજ્ઞ થયેલ હોય તો) (૪) ઉમેદવારનું નામ (પૂરૂં નામ બ્લોક લેટર્સમાં) (૫) અરજીપત્રકમાં દર્શાવ્યું હોય તે ટપાલનું પૂરૂં સરનામું

**નોંધ :** *ઉપર દર્શાવેલ વિગત વગરના પત્રવ્યવહાર ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.*

◈ **અરજી પાછી ખેંચવા અંગે :** એકવાર ઉમેદવારે અરજી રજૂ કરી દીધા પછી કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહીં.

**- જોઈન્ટ સેક્રેટરી**

## APPENDIX 1

## PLAN OF EXAMINATION

1. **The Examination shall be conducted according to the following plan :**

Part 1-The written Examination will comprise two sections-Section I consisting only of objective types of questions and Section II of conventional papers. Both Sections will cover the entire syllabus of the relevant engineering disciplines *viz.* Civil Engineering, Mechanical Engineering, Electrical Engineering and Electronics & Telecommunication Engineering. The standard and syllabi prescribed for these papers are given in Schedule to the Appendix. The details of the written Examination *i.e.* subject, duration and maximum marks allotted to each subject are given in para 2 below.

Part II-Personality test carrying a maximum of 200 marks of such of the candidates who quality on the basis of the written examination.

2. **The following will be the subjects for the written examination :**

### CATEGORY I
### CIVIL ENGINEERING

| Subject | Duration | Maximum Marks. |
|---|---|---|
| **Section I Objective Papers** | | |
| General Ability Test (Part A: General English) (Part B: General Studies) | 2 hrs. | 200 |
| **Subject** | **Duration** | **Maximum Marks.** |
| Civil Engineering Paper I | 2 hrs. | 200 |
| Civil Engineering Paper II | 2 hrs. | 200 |
| **Section II-Conventional Papers** | | |
| Civil Engineering Paper I | 3 hrs. | 200 |
| Civil Engineering Paper II | 3 hrs. | 200 |
| **TOTAL** | | **1000** |

### CATEGORY II
### MECHANICAL ENGINEERING

| Subject | Duration | Maximum Marks. |
|---|---|---|
| **Section I Objective Papers** | | |
| General Ability Test (Part A: General English) (Part B: General Studies) | 2 hrs. | 200 |
| Mechanical Engineering Paper I | 2 hrs. | 200 |
| Mechanical Engineering Paper II | 2 hrs. | 200 |
| **Section II-Conventional Papers** | | |
| Mechanical Engineering Paper I | 3 hrs. | 200 |
| Mechanical Engineering Paper II | 3 hrs. | 200 |
| **TOTAL** | | **1000** |

### CATEGORY III
### ELECTRICAL ENGINEERING

| Subject | Duration | Maximum Marks. |
|---|---|---|
| **Section I Objective Papers** | | |
| General Ability Test (Part A: General English) (Part B: General Studies) | 2 hrs. | 200 |
| Electrical Engineering Paper I | 2 hrs. | 200 |
| Electrical Engineering Paper II | 2 hrs. | 200 |
| **Section II-Conventional Papers** | | |
| Electrical Engineering Paper I | 3 hrs. | 200 |
| Electrical Engineering Paper II | 3 hrs. | 200 |
| **TOTAL** | | **1000** |

### CATEGORY IV
### ELECTRONICS AND TELECOMMUNICATION ENGINEERING

| Subject | Duration | Maximum Marks. |
|---|---|---|
| **Section I Objective Papers** | | |
| General Ability Test (Part A: General English) (Part B: General Studies) | 2 hrs. | 200 |
| Electronics & Telecommunication Engineering Paper I | 2 hrs. | 200 |
| Electronics & Telecommunication Engineering Paper II | 2 hrs. | 200 |
| **Section II-Conventional Papers** | | |
| Electronics & Telecommunication Engineering Paper I | 3 hrs. | 200 |
| Electronics & Telecommunication Engineering Paper II | 3 hrs. | 200 |
| **TOTAL** | | **1000** |

♦ Candidates are advised to read carefully special instructions to candidates for conventional type tests and objective type tests given in Appendix-IV (Part A & Part B) including the procedure regarding filling in the Answer Sheet of objective type tests in the Examination Hall.

♦ In the Personality Test special attention will be paid to assessing the candidate's capacity for leadership, initiative and intellectual curiosity, tact and other social qualities, mental and physical energy, powers of practical application and integrity of character. Conventional papers must be answered in English. Question papers will be set in English only.

♦ Candidates must write the papers in their own hand. In no circumstances will they be allowed the help of a scribe to write the answers for them.

♦ The Commission have discretion to fix minimum qualifying marks in any or all the papers of the examination. The objective type papers as contained in Section-I of the plan of the Examination will be evaluated first and evaluation of the conventional type papers contained in Section-II of the plan of Examination will be done only of those candidates who obtain the minimum qualifying marks in objective type papers as fixed by the Commission.

♦ Marks will not be allotted for mere superficial knowledge.

♦ Deduction up to 5 per cent of the maximum marks for the written papers will be made for illegible handwriting.

♦ Credit will be given for orderly, effective and exact expression combined with due economy of words in the conventional papers of the Examination.

♦ In the question papers, wherever required, SI units will be used.

♦ ***Candidates will be supplied with standard tables/ charts in SI units in the Examination hall for reference purpose, wherever considered necessary.***

♦ Candidates are permitted to bring and use battery operated pocket calculators for conventional (essay) type papers only. Loaning or inter-changing of calculators in the Examination hall is not permitted. It is also important to note that candidates are not permitted to use calculators for answering objective type paper (Test booklets). They should not, therefore, bring the same inside the Examination Hall.

Candidates should use only International form of Indian numerals (e.g. 1,2,3,4,5.6 etc.) while answering question papers.

### SCHEDULE TO APPENDIX - I

***Standard and Syllabi***

The standard of paper in General Ability Test will be such as may be expected of an Engineering/Science Graduate. The standard of papers in other subjects will approximately be that of an Engineering Degree Examination of an Indian University. There will be no practical examination in any of the subjects.

### GENERAL ABILITY TEST

**Part A : General English :** The question paper in General English will be designed to test the candidate's understanding of English and workmanlike use of words.

**Part B : General Studies :** The paper in General Studies will include knowledge of current events and of such matters as of everyday observation and experience in their scientific aspects as may be expected of an educated person. The paper will also include questions on History of India and Geography of a nature which candidates should be able to answer without special study.

### LIST OF CENTRES OF EXAMINATION

| Centre | Centre |
|---|---|
| **Ahmedabad** | Allahabad |
| Banglore | Bhopal |
| Mumbai | Kolkata |
| Cuttack | Delhi |
| Dispur | Hyderabad |
| Jaipur | Chennai |
| Nagpur | Dehradun |
| Patna | Shillong |
| Shimla | Srinagar |
| Thiruvanantha puram | Aligarh |
| Kochi | Lucknow |
| Jammu | Chandigarh |
| Panaji (Goa) | Port Blair |
| Dharwar | Madurai |
| Ranchi | Gangtok |
| Kohima | Imphal |
| Agartala | Jorhat |
| Aizawl | Itanagar |
| Raipur | Tirupati |
| Vishakhapatnam | Udaipur |
| Sambalpur | Bareillay |

### CATEGORY FOR CLAIMING AGE RELAXATION

(Refer Para 3 (II)(b) and (C) of this commission's Noticed Published in the Employment/Rojgar Samachar)

| Category | Extent of Age Relaxation Permissible |
|---|---|
| SC and ST | 5 years |
| OBC | 3 years |
| Certain categories of Departmental Government Servants who are covered under para 3(II) (b) of Commission's Noticed published in Employment News. | 5 years |
| SC/ST + Departmental Govt. Servants (as against code No. 03) | 10 years |
| OBC + Departmental Govt. Servants (as against code No. 03) | 8 years |
| Blind, deaf-mute and Orthopaedically handicapped persons | 10 years |
| Blind, deaf-mute and +SC/ST Orthopaedically handicapped persons | 15 years |
| Blind, deaf-mute and +OBC Orthopaedically handicapped persons | 13 years |
| Blind, deaf-mute Departmental Govt. and Orthopaedically + handicapped persons (as against Code No. 03) | 15 years Servants |
| Blind, deaf-mute + SC/ST and Orthopaedically Departmental handicapped persons Govt. Servants (as against Code No. 03) | 20 years |
| Blind, deaf-mute + OBC Departmental and Orthopaedically Govt. Servants handicapped persons (as against Code No. 03) | 18 years |

*(અનુસંધાન પાન નં. ૩ ઉપર..)*

# કેન્દ્રીય જાહેર સેવા આયોગ : નવી દિલ્હી

## એન્જિનિયરીંગ સર્વિસિસ એક્ઝામિનેશન - ૨૦૧૫

**ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ : ૧૦-૪-૨૦૧૫** | **જગાઓની કુલ સંખ્યા : ૪૭૫**

**જાહેરાત નંબર : 06/2015-ENGG.**

ભારત સરકારના રેલવે મંત્રાલય (રેલવે બોર્ડ) દ્વારા તા. ૧૪-૩-૨૦૧૫ના ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલા નિયમો અનુસાર કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા નીચે નિર્દિષ્ટ જગાઓની ભરતી કરવા માટે નીચે દર્શાવેલ સ્થળોએ **તા. ૧૨-૬-૨૦૧૫**ના રોજ એક સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.

કમિશન પોતાની મનસૂફી અનુસાર પરીક્ષાના સ્થળો અને તારીખમાં ફેરફાર કરી શકશે. ઉમેદવારને તેમની પસંદગીનું કેન્દ્ર આપવાના શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે. પરંતુ, કમિશન સંજોગોવશાત્ ઉમેદવારને બીજું કેન્દ્ર પણ ફાળવી શકશે, ઉમેદવારોને પરીક્ષાના સ્થળ અને સમયપત્રકની જાણ કરવામાં આવશે.

સામાન્ય સંજોગોમાં ઉમેદવારની કેન્દ્ર બદલવાની વિનંતી ગ્રાહ્ય રાખવામાં નહિ આવે.

❑ **જગાઓની સંખ્યા : ૪૭૫**

પરીક્ષાના પરિણામના આધારે ભરાનાર ખાલી જગાઓની સંખ્યા અંદાજે ૪૭૫ છે. (જેમાં ૨૦ જગા શા.ખો.ખાં. વર્ગ માટે છે) આ જગાઓની સંખ્યામાં ફેરફાર શક્ય છે. આ જગાઓની સંખ્યાના પ્રમાણમાં સરકાર અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, શા.ખો.ખાં. અને અન્ય પછાત વર્ગના ઉમેદવારો માટે જગાઓ અનામત રાખશે.

આ પરીક્ષાના પરિણામના આધારે નીચે દર્શાવેલ કક્ષાની સેવાઓ/જગાઓમાં નિમણૂક કરવામાં આવશે.

◈ **કેટેગરી-I** સિવિલ એન્જિનિયરિંગ
◈ **કેટેગરી-II** મિકેનિકલ એન્જિનિયરિંગ
◈ **કેટેગરી-III** ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
◈ **કેટેગરી-IV** ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયરિંગ

**CATEGORY I**

**CIVIL ENGINEERING**

***Group A Services/Posts***

**(i)** Indian Railway Service of Engineers. **(ii)** Indian Railway Stores Services (Civil Engineering Posts). **(iii)** Central Engineering Service. **(iv)** Indian Defence Service of Engineer (Civil Engineering Posts) **(v)** Indian ordance Factories Services /Engineering Branch (Civil) Engineering Posts) **(vi)** Central Engineering Service (Roads) Group-A. (Civil Engg. Posts) **(vii)** Assistant Executive Engineer (QS & C ) in Military Engineering Service (MES) Surveyor Cadre **(viii)** Assi. Ex. Eng. (Civil) P & T Building Works Gr. 'A' Service.

**CATEGORY II**

**MECHANICAL ENGINEERING**

***Group A Services/Posts***

**(i)** Indian Railway Service of Mechanical Engineers. **(ii)** Indian Railway Stores Service (Mechanical Engineering Posts). **(iii)** Central Power Engineering Service (Mechanical Engineering Posts). **(iv)** Indian Ordinance Factories Service (Engineering Branch) (Mechanical Engineering Posts). **(v)** Indian Naval Armament Service (Mechanical Engineering Posts). **(vi)** Assistant Executive Engineer Group 'A' (Mech. Engg. posts) in the corps of EME, M/o Defence. **(vii)** Central Electrical & Mechanical Engineering Service (Mechanical Engineering Posts) **(viii)** Indian Defence Service of Engineers (Mechanical Engineering Posts). **(xiii)** Central Engineering Service (Roads).

**CATEGORY III**

**ELECTRICAL ENGINEERING**

***Group A Services/Posts***

**(i)** Indian Railway Service of Electrical Engineers. **(ii)** Indian Railway Stores Service (Electrical Engineering Posts). **(iii)** Central Electrical & Mechanical Engineering Service (Electrical Engineering Posts). **(iv)** Indian Naval Armament Service (Electrical Engineering Posts). **(v)** Indian Ordanance Engineering Service. **(vi)** Central Power Engineering Service (Electrical Engineering Posts). **(vii)** Indian Defence Service of Engineers (Electrical Engineering Posts). **(viii)** Asst. Exe. Eng. group 'A' in the corps of EME Ministry of Defence.

**CATEGORY IV**

**ELECTRONICS AND TELECOMMUNICATION ENGINEERING**

***Group A and B Services/Post***

**(i)** Indian Railway Service of Signal Engineers. **(ii)** Indian Railway Stores Service (Telecommunication/ Electronics Engineering Posts). **(iii)** Indian Naval Armament Service (Electronics Engineering Posts), **(iv)** Assistant Executive Engineer Group 'A' (Electronics Engineering Posts) in the Corps of E.M.E., Ministry of Defence. **(v)** Central Power Engineering Service Group A (Electronics and Telecommunication Engineering Service) **(vi)** Indian Inspection Service ( Assi.Director Grade-I) **(vii)** Indian Telecommunication Service Grade A **(viii)** Junior Telecom Officer (General Central Service Group B Gazetted Non-Ministerial).

❋ ઉમેદવારોને તેઓના ગુણવત્તાના સ્થાન, તેઓએ આપેલી પસંદગી અને જગાઓની સંખ્યાના આધારે તેઓ તબીબી રીતે સક્ષમ જણાય એ શરતે વિવિધ સેવાઓ/જગાઓની ફાળવણી કરવામાં આવશે.

❋ એપેન્ડિક્સ - I માં નિયત કરેલ પરીક્ષા યોજના મુજબ નિમણૂક આપવામાં આવશે. લેખિત પરીક્ષામા સફળ થનાર ઉમેદવારે યોગ્ય સમયે વિગતવાર અરજીપત્રકમાં દર્શાવેલ જગાઓ/સેવાઓ માટેની પસંદગી દર્શાવવાની રહેશે. ઉમેદવાર ઉપર દર્શાવેલ કોઈ એક કેટેગરીની પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકશે.

❑ **યોગ્યતાની શરતો :**

❋ **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતીય નાગરિક હોવો જોઈએ.

❑ **વયમર્યાદા :** તા. ૧-૧-૨૦૧૫ના રોજ ઉમેદવારની વય ૨૧ વર્ષની હોવી જોઈએ અને ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. એટલે કે ઉમેદવાર તા. ૨-૧-૧૯૮૫ પહેલાં અને તા. ૧-૧-૧૯૯૪ પછી જન્મેલા ન હોવા જોઈએ. ઉપર દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ઉમેદવારોના કિસ્સામાં પાંચ વર્ષ અને અન્ય પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં ત્રણ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. કેટલીક અન્ય કેટેગરી દા.ત. એક્સ સર્વિસમેન, આર્મ્ડ ફોર્સિસમાં કમિશન્ડ ઓફિસરની ચોક્કસ કક્ષા વગેરેના કિસ્સામાં વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ આપવામાં આવશે.

પરીક્ષા યોજનામાં સામેલ થતાં મંત્રાલય/વિભાગોમાં કામ કરતાં સરકારી કર્મચારીઓને ૩૫ વર્ષ સુધી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. વિસ્તૃત માહિતી માટે દિલ્હીથી પ્રસિદ્ધ થયેલ તા. ૧૪-૩-૨૦૧૫ના રોજનું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોવું.

❋ મેટ્રિક્યુલેશન/સેકન્ડરી એક્ઝામિનેશન સર્ટિફિકેટ અથવા સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં નોંધવામાં આવેલી જન્મતારીખનો જ કમિશન દ્વારા સ્વીકાર કરવામાં આવશે અને પાછળથી તેમાં ફેરફાર કરવાની વિનંતીને માન્ય રાખવામાં આવશે નહિ.

❑ **લઘુતમ શૈક્ષણિક લાયકાત :** પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર નીચેની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

**(અ)** ઉમેદવાર ભારતમાં કેન્દ્ર અથવા રાજ્ય વિધાનગૃહ દ્વારા માન્ય યુનિવર્સિટીની એન્જિનિયરીંગ ડિગ્રી (બી.ઈ.) અથવા ૧૯૫૬ના યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલ હોય અથવા સંસદના કાયદાથી સ્થપાયેલ અન્ય શૈક્ષણિક સંસ્થાની એન્જિનિયરીંગ ડિગ્રી ધરાવતા હોવા જોઈએ **અથવા (બ)** ઇન્સ્ટિટ્યૂશન ઓફ એન્જિનિયર્સ (ભારત)ની ઇન્સ્ટિટ્યૂશન પરીક્ષાનો વિભાગ-અ અને બ પાસ કરેલ હોવો જોઈએ **અથવા (ક)** સરકારે વખતોવખત માન્ય કરેલ વિદેશની યુનિ./કોલેજ/સંસ્થામાંથી અને સરકારે ઠરાવેલ ધારાધોરણો હેઠળ એન્જિનિયરીંગની ડિગ્રી/ડિપ્લોમા મેળવેલ હોવો જોઈએ **અથવા (ડ)** ઇલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર્સ (ભારત)ની સંસ્થાની ગ્રેજ્યુએટ મેમ્બરશિપ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ **અથવા (ઇ)** એરોનોટિકલ સોસાયટી ઓફ ઇન્ડિયાની વિભાગ-અ અને બ/ભાગ-૨ અને ભાગ-૩ની એસોસિએટ મેમ્બરશિપ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ **અથવા (ફ)** નવેમ્બર, ૧૯૫૯ પછી ઇન્સ્ટિટ્યૂશન ઓફ ઇલેક્ટ્રોનિક્સ અને રેડિયો એન્જિનિયર્સ, લંડન દ્વારા લેવાયેલ ગ્રેજ્યુએટ મેમ્બરશિપ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

ઇન્ડિયન નેવલ આર્મામેન્ટ સર્વિસ (ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ જગાઓ) અને એન્જિનિયર (ગ્રેડ-એ ) ની વાયરલેસ પ્લાનિંગ એન્ડ કો-ઓર્ડિનેશન વીંગ/મોનેટરીંગ ઓર્ગેનિઝેશન પૈકી ગમે તે એક લાયકાત ધરાવનાર **અથવા** વાયરલેસ કોમ્યુનિકેશન, ઈલેક્ટ્રોનિક્સ, રેડિયો ફિઝિક્સ **અથવા** રેડિયો એન્જિનિયરીંગના ખાસ વિષય સાથે એમ.એસસી. **અથવા** તેની સમકક્ષ લાયકાત ધરાવનાર ઉમેદવાર પણ યોગ્યતા ધરાવે છે.

♦ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને પરીક્ષાના પરિણામની જાણ ન હોય તેવા ઉમેદવારો પણ આ પરીક્ષામાં પ્રવેશ માટે અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ લેખિત પરીક્ષાના પરિણામ વખતે નિયત શૈક્ષણિક લાયકાત અંગેના જરૂરી પ્રમાણપત્રો ખાતરી માટે દર્શાવવાના રહેશે.

♦ આસાધારણ કિસ્સામાં ઉમેદવાર નિયત કરેલ સંસ્થાની શૈક્ષણિક લાયકાત ન ધરાવતા હોય પરંતુ અન્ય સંસ્થાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને તે કમિશનને યોગ્ય લાગશે તો તેવા ઉમેદવારો આ પરીક્ષા આપી શકશે.

♦ ઉમેદવાર અન્યથા યોગ્યતા ધરાવતા હોય અને તેમણે જો વિદેશની યુનિવર્સિટીની ડિગ્રી હાંસલ કરી હોય પરંતુ ભારત સરકારે માન્ય ન કરી હોય તો પણ અરજી કરી શકે છે. પરંતુ આ અંગેનો કમિશનનો નિર્ણય આખરી રહેશે.

♦ **શારીરિક ધોરણ :** તા. ૧૪-૩-૨૦૧૫ના ઈન્ડિયન ગેઝેટમાં એન્જિનિયરિંગ સર્વિસ એક્ઝામ-૨૦૧૫ અંગેના એપેન્ડિક્સ-IIમાં દર્શાવેલ શારીરિક ધોરણ મુજબ ઉમેદવાર શારીરિક રીતે સજ્જ હોવા જોઈએ.

◈ **અરજી ફી :** ઉમેદવારોએ કમિશનની વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની છે. ઓનલાઇન અરજી કરનાર ઉમેદવારો પૈકી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ/ મહિલા ઉમેદવાર, શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની થતી નથી.

♦ અ.પ.વ. સહિત સામાન્ય વર્ગના ઉમેદવારોએ અરજી ફી તરીકે રૂા. ૨૦૦ ચૂકવવાના છે.

♦ અરજી ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા તથા તેની સહયોગી બેંકોની કોઈપણ બ્રાંચમાં રોકડમાં, એસ.બી.આઇ.ની નેટ બેન્કીંગ સેવા મારફતે અથવા વીઝા/માસ્ટર કાર્ડ / ડેબીટ કાર્ડ દ્વારા ચૂકવી શકાશે.

◈ **અરજી કેવી રીતે કરશો ?**

♦ ઉમેદવારોએ કમિશનની વેબસાઇટ **http://www.upsconline.nic.in** ઉપર ઓનલાઇન અરજી કરવાની છે.

♦ સરકારી સેવામાં કે સરકારી માલિકીના ઔદ્યોગિક સાહસોમાં કે આવી અન્ય સંસ્થાઓમાં કે ખાનગી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારે તેમની અરજી આયોગને સીધી મોકલવાની રહેશે.

♦ કાયમી અથવા કામચલાઉ ધોરણે ઉમેદવાર સરકારી સેવામાં હોય અથવા વર્કચાર્જ કર્મચારી(કેઝયુઅલ કર્મચારીઓ સિવાય) અથવા રોજમદાર કર્મચારીઓ અથવા જાહેરક્ષેત્રમાં સેવા બજાવતા ઉમેદવારોએ તેમના કચેરી/વિભાગના વડાને તેઓ પરીક્ષા માટે અરજી કરે છે તેની જાણ કરવી. જો ઉમેદવારના નોકરીદાતા દ્વારા પરવાનગી ન આપવાની જાણ થાય તો ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે.

♦ ઉમેદવારોએ પરીક્ષાના કેન્દ્રની તેમજ પરીક્ષા માટેની એન્જિનિયરીંગ શાખાની પસંદગી અરજીપત્રકમાં જણાવતી વખતે ખાસ ચોકસાઈ રાખવી. કોઈપણ સંજોગોમાં કેન્દ્ર દર્શાવતી અલગ અરજી ઉમેદવારે કરી હશે તો તે રદબાતલ કરવામાં આવશે અને જો ઉમેદવાર એક કરતાં વધુ સંપૂર્ણ ભરેલી અરજી મોકલશે છતાં પણ કમિશન ફક્ત એક જ અરજી સ્વીકારશે અને આ બાબતમાં કમિશનનો નિર્ણય આખરી ગણવામાં આવશે. કમિશને એડમિશન સર્ટિફિકેટમાં દર્શાવ્યા હોય તે સિવાયના પરીક્ષા કેન્દ્ર/ઈજનેરી શાખા ખાતે પરીક્ષા આપશે તો તે માન્ય ગણાશે નહીં અને તે ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરવામાં આવશે.

♦ **ઉમેદવારે ઉંમર, શૈક્ષણિક લાયકાત, અ.જા./અ.જ.જા./અ.પ.વ. અને શા.ખો.ખાં. વગેરે બાબતના પુરાવારૂપે કોઈપણ પ્રમાણપત્રો અરજી સાથે રજૂ કરવાની જરૂર નથી.** ઉમેદવારોએ ખાતરી કરી લેવી કે તે પોતે પરીક્ષામાં બેસવા માટેની જરૂરી પાત્રતા ધરાવે છે કે કેમ ? જ્યાં સુધી ઉમેદવાર યોગ્યતાની શરતો પરિપૂર્ણ કરે છે તેની સાબિતી ન આપે ત્યાં સુધી ઉમેદવારની પ્રવેશ-લાયકાત પરીક્ષાના કોઈપણ તબક્કે એટલે કે કમિશન દ્વારા લેવાતી લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂ કસોટીના કોઈપણ તબક્કે કામચલાઉ રહેશે. કમિશનને ઉમેદવારની પાત્રતામાં ફેરફાર જણાશે કે યોગ્ય નહીં જણાય તો કોઈપણ તબક્કે એટલે લેખિત પરીક્ષા પહેલાં કે પછી,

*(અનુસંધાન પાન નં. ૭ ઉપર..)*

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.*